સુરતના વેલ્ડરે ફ્રીજના ભંગારમાંથી બનાવી મેટ્રો

■ સુરતીઓ માટે મેટ્રો ટ્રેનનું કામ જ્યારથી શરૂ થયું છે ત્યારથી તે પાટા પર ક્યારે દોડશે તેની આતુરતા રહી છે. સુરતના એક પ્રવીણ વેલ્ડિંગ કારીગરે ભંગારની વસ્તુઓમાંથી આકર્ષક અને આબેહૂબ મેટ્રો ટ્રેનનું મોડલ તૈયાર કરીને સૌને ચોંકાવી દીધા છે. સુરતના નાનપુરા વિસ્તારમાં રહેતા અને કાદરશાની નાળ પાસે વેલ્ડિંગની દુકાન ચલાવતા શાકીર હુસેન અબ્દુલ ગની જ્યારે સુરતમાં મેટ્રો ટ્રેનની ટ્રાયલ લેવામાં આવી, ત્યારે તેની તસવીરોના આધારે ફ્રીજના પતરાના ભંગારમાંથી આ અદભૂત મોડલ બનાવ્યું છે, ટ્રેન સાથે તેના પાટા, વાયરલેસ અલાર્મ સિસ્ટમ પણ મૂકવામાં આવી છે. આ ઉપરાંત, ટ્રેનની અંદર લાઈટ્સ, ટ્રેક પર લાઈટ્સ, બેસવાની સીટો તેમજ એસીના કોમ્પ્રેસર પણ પોતાની કલા કારીગરીથી બનાવ્યા છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

સ્વર્ણિમ જયંતી ગ્રાન્ટમાં સુરતને 2,000 કરોડથી વધુ રકમ મળવાની સંભાવના

આંતરમાળખાકીય સુવિધા માટે ૩.1,450 કરોડ, મુખ્યમંત્રી સડક યોજના માટે ૩.270 કરોડ અને વિકાસકામોના પ્રોજેક્ટ સરકાર સમક્ષ મોકલવાની મનપાની તૈયારી

સુરતઃ રાજ્ય સરકારની વર્ષ 2026-27ની સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના હેઠળ સુરત મહાનગરપાલિકાને વિવિધ વિકાસલક્ષી કામો માટે 2,000 કરોડથી વધુની ગ્રાન્ટ મળવાની સંભાવના છે. આ માટે મનપાએ ડ્રેનેજ, પાણી, રસ્તા, હાઉસિંગ, બ્યુટિફિકેશન અને આઉટર ગ્રોથ વિસ્તારના વિકાસ સહિત અંદાજે 5,000થી 6,000 કરોડના વિવિધ પ્રોજેક્ટ સરકાર સમક્ષ રજૂ કરવાની તજવીજ શરૂ કરી છે. રાજ્ય સરકારે આ યોજના હેઠળ રાજ્યની મનપાઓ, નગરપાલિકાઓ અને અર્બન ઓથોરિટીઓ માટે કુલ 16,296 કરોડની જોગવાઈ કરી છે. તેમાં આંતરમાળખાકીય વિકાસ માટે 5,400 કરોડ તેમજ મુખ્યમંત્રી શહેરી સડક યોજના, આઉટર ગ્રોથ વિસ્તાર, જનભાગીદારી, ફ્લાયઓવર, આઈકોનિક રોડ, સ્વચ્છ શહેર-સુંદર શહેર અને અન્ય યોજનાઓ માટે કુલ 6,464 કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ જોગવાઈમાંથી સુરત મનપાને આંતરમાળખાકીય સુવિધાઓ માટે અંદાજે 1,450 કરોડ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ 270 કરોડ અને આઉટર ગ્રોથ વિસ્તારના વિકાસ માટે આશરે 310 કરોડ મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરકાર દ્વારા વિવિધ કેટેગરી માટે મહત્તમ ગ્રાન્ટની મર્યાદા નક્કી કરવામાં આવતાં મનપા હવે પ્રાથમિકતા આધારે વિકાસકામોના પ્રોજેક્ટ તૈયાર કરીને મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલશે.

સંક્ષિપ્ત સમાચાર

શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળના હોદ્દેદારોની વરણી

સુરતઃ શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં જ્ઞાતિના વિકાસલક્ષી કાર્યો, ભાવિ આયોજન તેમજ વિવિધ મુદ્દાઓ પર સભ્યોએ ચર્ચા-વિચારણા કરી હતી. સભાના અંતે આગામી કાર્યકાળ માટે મંડળના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વિરેશ મહેતા, ઉપપ્રમુખ તરીકે અનીશ ગાંધી, મંત્રી તરીકે ટીનેશ જરીવાલા, સહમંત્રી તરીકે રાકેશ ચાંપાનેરીઆ, ખજાનચી તરીકે રવિ ઓલપાડવાલા તથા સહખજાનચી તરીકે હિરેન મોદીની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત નવી કારોબારી કમિટીના સભ્યોની પણ વરણી કરવામાં આવી હતી.

સુરતના વૈજ્ઞાનિક ડૉ. પંકજ ગાંધીને જર્મનીમાં કોન્ફરન્સ માટે આમંત્રણ

સુરત,: સુરતના જાણીતા સિવિલ એન્જિનિયર, અર્બન પ્લાનર, વૈજ્ઞાનિક અને સંશોધક ડૉ. પંકજ ગાંધીને જર્મનીના લુડવિગ મેક્સિમિલિયન યુનિવર્સિટી (LMU), મ્યુનિક ખાતે 31 માર્ચથી 2 એપ્રિલ, 2027 દરમિયાન યોજાનારી પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ ક્લાઈમેટ રિઝિલિયન્સ કોન્ફરન્સ (iCARE 2027) માં ભાગ લેવા માટે આમંત્રણ પ્રાપ્ત થયું છે. આ આમંત્રણ iCARE 2027 ઓર્ગેનાઈઝિંગ કમિટીના અધ્યક્ષ પ્રો. ડૉ. લિયાંગ એમ્લિન યાંગ દ્વારા વિશ્વભરના વૈજ્ઞાનિકો, સંશોધકો, નીતિ નિર્માતાઓ, અર્બન પ્લાનર્સ અને પર્યાવરણ ક્ષેત્રના નિષ્ણાતોને પાઠવવામાં આવ્યું છે.

ડુમસ રોડના શ્રીલીલા વિશ્વંભરા દત્ત મંદિર ખાતે આજે ગુરુપૂર્ણિમા ઉત્સવ

સુરતઃ શ્રી લીલાવિશ્વંભરા દત્ત મંદિર, લા-મેરેડિયન હોટલની બાજુમાં મગદલ્લા ચોકડી નજીક, ડુમસરોડ સુરત ખાતે આજે ગુરુપૂર્ણિમા ઉત્સવ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી ઉજવાશે. જેમાં ભગવાન દત્તાત્રેય અને અનઘા માતાને તૈલાભિષેક, ગુરુગીતા પારાયણ, ગુરુપાદુકા પૂજન, ભજન, કિર્તન, પ્રસાદ થશે. ભક્તોને લાભ લેવા માટે જણાવાયું છે.

શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ સુરતમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાશે

સુરતઃ શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ,કરુણસ્થળી રામનગર, રાંદેર રોડ, સુરત ખાતે અષાઢ સુદપૂનમ તા.૨૯મીને બુધવારે ગુરુપુર્ણિમા નિમિત્તે સવારે ૧૧.૪૫ કલાકથી શ્રી ગુરુદેવ અવધૂત શિરોમણી સમર્થ ગજાનન મહારાજનો પુરુષ સુક્ત દ્વારા મહામંગલાભિષેક, ગુરુપાદુકા પૂજન, હવન થશે. બપોરે ૧૨.30 કલાકથી સમર્થ બ્રહ્માવધૂત પૂજ્ય શ્રી વિશ્વનાથ બાપજીની પાદુકાનું પૂજન, આરતી આચાર્ય દ્વારા થશે.બપોરે ૨ કલાક થી બાપજીના શ્રીમુખે થયેલા સત્સંગ પ્રવચન (ઓડિયો દ્વારા) તથા સાંજે ૪ કલાકથી ભક્તો દ્વારા ગુરુ પૂજન અને સાંજે ૫-30 કલાકથી મહાપ્રસાદી થશે.

ગુરુપૂર્ણિમા નિમિત્તે અક્કલકોટ સ્વામી સમર્થ ટ્રસ્ટમાં મહાપૂજા અને ભજનનો કાર્યક્રમ

સુરતઃ ગુરુ દત્ત અવતાર અક્કલકોટ સ્વામી સમર્થ ટ્રસ્ટ દ્વારા વડવાળી શેરી, બેગમપુરા ખાતે બુધવાર, તા. 29 જુલાઈ, 2026 ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે દિવસભર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે . સવારે 7 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ચાલનારા કાર્યક્રમમાં સવારે 7 વાગ્યે સ્વામી સમર્થ મહારાજની પ્રતિમાનું કેસર સ્નાન, સવારે 8 વાગ્યે પાદુકા પૂજન, સાંજે 7 વાગ્યે મહા આરતી તથા રાત્રે ભજનનો કાર્યક્રમ યોજાશે. ટ્રસ્ટ દ્વારા સ્વામી સમર્થ મહારાજની પ્રતિમા ની મહાપૂજા નો લાભ લેવા તેમજ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી ગુરુપૂર્ણિમાના પાવન પર્વને ભક્તિભાવપૂર્વક ઉજવવા અપીલ કરવામાં આવી છે.

તનથી તપ કરવાનો છે અને ધ્યાનથી મનને નિર્મલ બનાવવાનું છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે વર્ષાવાસનું ધર્મસભા સમક્ષ મહત્ત્વ જણાવતા કહ્યું હતું કે, અજ્ઞાનના અંધકાર હટાવવા અને અધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધવા માટે ચાતુર્માસ એ મહાયજ્ઞ છે. ચાતુર્માસ અહિંસા, સંયમ, સ્વાધ્યાય અને સમર્પણનું શ્રેષ્ઠ પર્વ છે. વિષયોનું વમન અને કષાયોનું શમન કરવા માટે ચાતુર્માસની સુંદર આરાધના પ્રભુએ બતાવી છે. પાપોથી વિરામ પામવા અને પુણ્યની બેલેન્સ મજબૂત કરવાનો આ અપૂર્વ અવસર ચાતુર્માસમાં આપણને મળ્યો છે. તનથી તપ કરવાનો છે અને ધ્યાનથી મનને નિર્મલ બનાવવાનું છે. ચાતુર્માસમાં જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો હિંસાના પાપથી બચવા માટે એક જ સ્થાનમાં રહીને આત્મસાધના કરતા હોય છે. ચાતુર્માસમાં સત્સંગ દ્વારા સત્સંગીઓના હૃદય પરિવર્તન અને જીવન પરિવર્તન થાય છે.

પ્રેસિડન્સી સ્કૂલમાં કારગિલ વિજય દિવસની ઉજવણી, શહીદ પરિવારનું સન્માન

સુરતઃ કારગિલ વિજય દિવસ નિમિત્તે પ્રેસિડન્સી સ્કૂલ ખાતે શહીદ પરિવારના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જમ્મુ-કાશ્મીર બોર્ડર પર આતંકી હુમલામાં શહીદ થયેલા અમરેલી જિલ્લાના વતની અને હાલ કમરેજ નિવાસી મેહુલભાઈ મેપાભાઈ ભુવાના પરિવારને આમંત્રિત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. 'જય જવાન નાગરિક સમિતિ'ના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં શહીદ પરિવારને રૂ. 21,000નો ચેક તેમજ કપડાં અને અન્ય ઉપયોગી ભેટો અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તથા સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદીએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. ટ્રસ્ટી હિતેન્દ્રભાઈ ચુડાવાળા અને પ્રા. એન. એમ. કારિયાએ શહીદ પરિવારનું સન્માન કર્યું હતું.

કૃભકોની સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતમાંથી 183 ખેલાડીએ ભાગ લીધો

સુરતઃ કૃભકો દ્વારા યોનેક્સ સનરાઇઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટ દરમિયાન પાંચ અલગ-અલગ ઈવેન્ટ્સમાં સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૮૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ સામેલ હતા. કૃભકોના વરિષ્ઠ અધિકારીઓ, સુરત ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસોસિએશન, ગુજરાત બેડમિન્ટન એસોસિએશનના પદાધિકારીઓ અને કૃભકો ટાઉનશીપના રહીશોની ઉપસ્થિતિમાં વિજેતાઓને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

પૂરથી નુકસાન પામેલા વિદ્યાર્થીઓને નવાં પાઠ્યપુસ્તકો મળશે

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિ વચ્ચે હજારો વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તકોને નુકસાન પહોંચ્યું છે. વિદ્યાર્થીઓના ભણતર પર કોઈ અસર ન પડે તે માટે પુસ્તકો પલળી ગયા હોય અથવા સંપૂર્ણપણે ખરાબ થઈ ગયા હોય એવા સરકારી અને અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓને રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વિનામૂલ્યે નવા પાઠ્યપુસ્તકો આપવામાં આવશે. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના પ્રમુખ મનુભાઈ પાવરાએ જણાવ્યું હતું કે તમામ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) ને તેમના જિલ્લામાં નુકસાન પામેલા પાઠ્યપુસ્તકોની વિગતો એકત્ર કરીને તાત્કાલિક મંડળને મોકલવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા કક્ષાએથી માંગણી મળતા જ જરૂરી સંખ્યામાં નવા પાઠ્યપુસ્તકો શાળાઓ સુધી પહોંચાડવામાં આવશે.

કેરળની 'રોઝ ડાયમંડ'ના ભાગીદારો દ્વારા રૂ.૧.૫૩ કરોડની છેતરપિંડી

ડાયમંડ જ્વેલરી બનાવવાના બહાને કરોડોના હીરા મેળવી લીધા

રૂ.૫૦ લાખના ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવી ઠગાઈ આચરી

સુરતઃ કતારગામ વિસ્તારમાં ઓફિસ ધરાવતા હીરા વેપારી પાસેથી કેરળની 'રોઝ ડાયમંડ' કંપનીના ત્રણ ભાગીદારોએ વિશ્વાસ કેળવી રૂ. ૧,૫૩,૬૮,૭૧૮ની મત્તાનો કટ એન્ડ પોલિશ્ડ નેચરલ હીરાનો જથ્થો ઉધારીમાં મેળવ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી વિશ્વાસઘાત કર્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં કેરળના ત્રણ વેપારીઓ સામે ગુનો દાખલ થતા વધુ તપાસ ઈકો સેલ દ્વારા શરૂ કરવામાં આવી છે.

કતારગામ વેડ ગુરુકુળ રોડ પર આવેલી શુભલક્ષ્મી રેસિડેન્સીમાં રહેતા અને કતારગામ મેઈન રોડ સ્થિત 'જે.કે. સ્ટાર જ્વેલ્સ' નામે ઓફિસ ધરાવતા કલ્પેશભાઈ મગનભાઈ ગજેરા (ઉ.વ. ૩૯) હીરાનો વેપાર કરે છે. નવેમ્બર-૨૦૨૪માં કેરળના ત્રિસુર ખાતે આવેલી 'રોઝ ડાયમંડ' કંપનીના ભાગીદારો પ્રિંસેન દેવેસી નંગાણી, રમેશ તથા નિલેશ મનજીભાઈ માનિયાએ કલ્પેશભાઈની ઓફિસે આવી મુલાકાત લીધી હતી. આરોપીઓએ ડાયમંડ જ્વેલરી મેન્યુફેક્ચરિંગ માટે મોટા પાયે કટ એન્ડ પોલિશ્ડ હીરાની જરૂર હોવાનું જણાવી વેપારી શિરસ્તા મુજબ સમયસર ચૂકવણી કરવાનો વિશ્વાસ આપ્યો હતો. શરૂઆતમાં આરોપીઓએ નાનો ઓર્ડર આપી સમયસર પેમેન્ટ ચૂકવીને વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ તા. ૧૫/૧૧/૨૦૨૪થી તા. ૨૧/૧૨/૨૦૨૪ના સમયગાળા દરમિયાન આરોપીઓએ ૬૦ દિવસની મુદતે કુલ રૂ. ૧,૫૩,૬૮,૭૧૮ની કિંમતનો નેચરલ હીરાનો જથ્થો ઉધાર ખરીદ્યો હતો. પેમેન્ટ પેટે આપેલો રૂ. ૫૦ લાખનો ચેક બેંકમાં જમા થઈ જશે તેવી ખાતરી આપ્યા બાદ આરોપીઓએ બાદમાં ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવી દીધું હતું.

બાકી નીકળતી રકમ માટે વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપીઓ વાયદાઓ કરીને સમય પસાર કરતા હતા અને આખરે વેપારીના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં કલ્પેશભાઈએ ચોકબજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આગળની તપાસ આર્થિક ગુના નિવારણ શાખાના પી.આઈ. કે.એમ. છાસિયાએ શરૂ કરી છે.

સ્કૂલબસ-સ્કૂટરના અકસ્માતમાં વેસુમાં એકનું મોત, બે ઘાયલ

ત્રણ મિત્રો સ્કૂટર પર જઈ રહ્યા હતા ત્યારે સ્કૂલ બસ સાથે અકસ્માત સર્જાયો હતો

સુરતઃ વેસુ વિસ્તારમાં મંગળવારે બપોરે સ્કૂલ બસ અને સ્કૂટર વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં એક યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેના બે મિત્રોને નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

પાંડેસરા વિસ્તારમાં આવેલા અપેક્ષાનગરમાં રહેતો સંદીપ વર્મા પોતાના બે મિત્રો સાથે સ્કૂટર પર કામ અર્થે નીકળ્યો હતો. બપોરના સમયે તેઓ વેસુ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રતન જ્યોત એપાર્ટમેન્ટ નજીક સ્કૂલ બસ અને સ્કૂટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે સ્કૂટર પર સવાર ત્રણેય મિત્રો રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્ત ત્રણેયને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. નવી સિવિલમાં ફરજ પરના તબીબે સંદીપ વર્માની તપાસ કર્યા બાદ તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે અકસ્માતમાં ઘાયલ થયેલા તેના બંને મિત્રોની હાલત ગંભીર હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતક સંદીપ વર્મા પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ)નું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું જાણવા મળ્યું છે. યુવાનના અચાનક નિધનથી પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ઘટનાની જાણ થતાં વેસુ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત કેવી રીતે સર્જાયો તેમજ તેમાં કોઈની બેદરકારી હતી કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

HPCLના ગેટ પાસે ટ્રેક્ટરની અડફેટે 3 વર્ષીય માસૂમનું મોત

દાદા-દાદી સાથે રહેતા દાહોદના વતની બાળકને સારવાર દરમિયાન બચાવી શકાયો નહીં

અકસ્માતમાં જવાબદાર કોણ? ઈચ્છાપોર પોલીસે તપાસ શરૂ કરી

સુરત : ઈચ્છાપોર જીઆઈડીસીમાં એચપીસીએલના ગેટ નજીક ટ્રેક્ટરની અડફેટે આવતા ત્રણ વર્ષીય માસૂમ બાળકનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજતાં વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. અકસ્માત બાદ બાળકને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ દાહોદ જિલ્લાના વતની અને હાલ ઈચ્છાપોર જીઆઈડીસી વિસ્તારના કવાસ ગામમાં રહેતો 3 વર્ષીય ક્રિશ ધર્મેશભાઈ ભાભોર પોતાના દાદા-દાદી સાથે રહેતો હતો. તેના દાદા ડ્રાઈવિંગનું કામ કરે છે. ગઈકાલે બપોરે ક્રિશ એચપીસીએલના ગેટ નજીક ઊભો હતો. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા ટ્રેક્ટરે તેને ટક્કર મારતાં બાળક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આસપાસના લોકોની મદદથી તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

જોકે, ડૉક્ટરોના પ્રયાસો છતાં ટૂંકી સારવાર દરમિયાન ક્રિશે અંતિમ શ્વાસ લીધા હતા. ઘટનાની જાણ થતાં ઈચ્છાપોર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ટ્રેક્ટર ચાલકની બેદરકારી અકસ્માતનું કારણ હતી કે અન્ય કોઈ સંજોગો જવાબદાર હતા તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

કુખ્યાત શાહીદ ગોડીલ અને પિતા સામે ધોરાજીમાં ૯મી FIR

ગુજસીટોક હેઠળ હાલ લાજપોર જેલમાં બંધ કુખ્યાત શાહીદ અને તેના પિતા શબીર ગોડીલે વક્ફ ટ્રસ્ટ હસ્તગત કરવા રચ્યું કાવતરું

સુરત : ધોરાજીની કુતૂબશાહ પીર દરગાહ ટ્રસ્ટમાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરવા માટે કૂટલેખન (ફોર્જરી) અને છેતરપિંડી આચરવા બદલ સદામ-ગોડીલ ગેંગના કુખ્યાત સાગરીત શાહીદ ગોડીલ અને તેના પિતા શબીર ગોડીલ સામે ધોરાજી પોલીસમાં ગુનો નોંધાયો છે.

ધોરાજી ખાતે રહેતા અને કુતૂબશાહ પીર દરગાહ ટ્રસ્ટના પ્રમુખ અશરફભાઇ અલીભાઈ પટ્ટણી (ઉ.વ. ૫૬) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, કુખ્યાત આરોપી શાહીદ ગોડીલ અને તેના પિતા શબીરભાઇ હાજીઇસ્માઇલ ગોડીલ (રહે. હાલ અડાજણ સુરત) એ ટ્રસ્ટના મિનિટબુક, એજન્ડા બુક, ખોટા લેટરપેડ અને રબ્બર સ્ટેમ્પ બનાવી પ્રમુખ તથા અન્ય ટ્રસ્ટીઓની બોગસ સહીઓ કરી હતી.

એટલું જ નહીં, મે ૨૦૨૧માં મૃત્યુ પામેલા ટ્રસ્ટીની પણ ખોટી સહીઓ કરી કુખ્યાત શાહીદનું નામ ટ્રસ્ટી તરીકે ઉમેરવા બોગસ ઠરાવ બનાવી વક્ફ બોર્ડમાં રજૂ કર્યો હતો. આ કૌભાંડમાં ગુજરાત રાજ્ય વક્ફ ટ્રીબ્યુનલ, ગાંધીનગરે ફોજદારી ફરિયાદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેને પગલે પ્રમુખે ધોરાજી પોલીસ સ્ટેશનમાં કુખ્યાત શાહીદ ગોડીલ અને તેના પિતા શબીર ગોડીલ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

દુબઈથી ૩ કરોડની બેંક ગેરંટીના નામે સુરતના વેપારીને ૪૮ લાખનો 'ચૂનો'

અમે બધું દુબઈ અને કરાચીથી હેન્ડલ કરીએ છીએ, નાણાં ભૂલી જા નહીંતર મારી નાંખીશું

સુરતઃ દુબઈથી 3 કરોડની બેંક ગેરંટી આપવાના બહાને રૂપિયા 48 લાખ પડાવી લેવાની મહિધરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

નાના વરાછાના શ્યામધામ ચોક નજીક વંદના સોસાયટીમાં રહેતા અને ફાલસાવાડી ગોલ્ડન પોઈન્ટ શોપિંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા ઈલેશભાઈ ભુરાભાઈ ખંડેલા (ઉ.વ. ૪૦)ને ધંધા માટે ૩ કરોડની બેંક ગેરંટીની જરૂર હતી. વર્ષ ૨૦૧૯માં મુંબઈના એક મિત્ર મારફતે તેમનો સંપર્ક મલાડ (મુંબઈ) ખાતે ઓફિસ ધરાવતા સબરેઝઅહેમદ અનીષ ખાન શેખ સાથે થયો હતો. સબરેઝે સુરત રેલવે સ્ટેશન નજીક મુલાકાત દરમિયાન દુબઈથી ૩ કરોડની લોન કે બેંક ગેરંટી કરાવી આપવાનો દાવો કર્યો હતો અને તેના બદલામાં ૨૫ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આરોપીએ તેમના ભાગીદારોને દુબઈ બોલાવી ત્યાં ૩ લાખ યુએસ ડોલરનો ડ્રાફ્ટ બતાવ્યો હતો. ત્યારબાદ તબક્કાવાર ૨૫ લાખ પડાવી લીધા હતા. કામ ઝડપથી પતાવવા અને વધુ ખર્ચના બહાને આરોપીએ વેપારી પાસેથી વધારાના ૨૩ લાખ (રોકડા તથા એટીએમ મારફતે ઉપાડેલી રકમ) મેળવી કુલ ૪૮ લાખ કઢાવી લીધા હતા. જોકે, કામ નહીં થતાં મે ૨૦૨૨માં સબરેઝ વેપારીને દુબઈ લઈ ગયો હતો. ત્યાં અનવરે વેપારીને ધમકાવતા કહ્યું હતું કે, હવે પૈસા ભૂલી જા, વધારે નાટક કરીશ કે પોલીસ પાસે જઈશ તો માણસો મોકલીને ઉપાડી લઈશું અને જાનથી મારી નાખીશું, અમે બધું દુબઈ અને કરાચીથી હેન્ડલ કરીએ છીએ. ધમકીથી ગભરાઈ ગયેલા વેપારીએ પરત આવીને મહિધરપુરા પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો.

આજે ગુરુપૂર્ણિમાઃ ક્યાંક ગુરુ ભગવાન સમાન છે તો ક્યાંક શૈતાન

પોતાના પગારમાંથી શ્રમિકનાં બાળકોને ભણાવતા શિક્ષક

દીન સહાયક વિદ્યામંદિર દ્વારા અત્યાર સુધી 5 હજારથી વધુ બાળકોને મફત શિક્ષણ અપાયું

સુરતઃ ગુરુપૂર્ણિમા એટલે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પાવન અવસર. સુરતમાં આવા જ એક સાચા ગુરુ તરીકે ગિરિજાશંકર ઉપાધ્યાય છેલ્લાં 21 વર્ષથી હજારો શ્રમિકોનાં બાળકોનાં જીવનમાં શિક્ષણનો પ્રકાશ ફેલાવી રહ્યા છે. વર્ષ 2004માં માત્ર પાંચ બાળકો સાથે શરૂ થયેલી દીન સહાયક વિદ્યામંદિર આજે હજારો ગરીબ અને શ્રમિક પરિવારો માટે આશાનું કેન્દ્ર બની છે. અત્યાર સુધીમાં 5 હજારથી વધુ બાળકોને અહીં નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવ્યું છે, 800થી વધુ બાળકોને શાળાઓમાં ધોરણ-1માં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. ગિરિજાશંકર ઉપાધ્યાય છેલ્લાં 21 વર્ષથી કોઈપણ પ્રકારનો પગાર લીધા ભણાવી રહ્યા છે. પોતાના પગારમાંથી જ બાળકો માટે પુસ્તકો સહિતની વ્યવસ્થા પણ કરે છે.

બે કેન્દ્રોમાં 120 બાળકો અભ્યાસ કરે છે

હાલમાં દીન સહાયક વિદ્યામંદિરના બે કેન્દ્રો કાર્યરત છે, જ્યાં દરેક કેન્દ્રમાં અંદાજે 60 બાળકો અભ્યાસ કરે છે. બંને કેન્દ્રોમાં બે-બે શિક્ષકો શિક્ષણ આપે છે. દર વર્ષે આશરે 60 નવા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. અહીં સુરત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને ઓડિશા સહિત વિવિધ રાજ્યોમાંથી રોજગારી માટે આવેલા શ્રમિકોના બાળકો અભ્યાસ કરે છે.

'દરેક બાળકમાં ભગવાનનું સ્વરૂપ જોઉં છું'

ગિરિજાશંકર ઉપાધ્યાય કહે છે કે, "અજ્ઞાન જ સમાજની દુર્દશાનું મુખ્ય કારણ છે. તેથી 21 વર્ષ પહેલાં મેં સંકલ્પ કર્યો કે શક્ય તેટલા વધુ બાળકોને શિક્ષિત બનાવવાના. બાળકો પ્રેમથી મને 'ગુરુજી'કહીને બોલાવે છે, એ જ મારી સૌથી મોટી કમાણી છે. લોકો ભગવાનના દર્શન માટે મંદિરે જાય છે, જ્યારે હું આ બાળકોમાં જ બાલગોપાળના દર્શન કરીને તેમની સેવા કરું છું. સુરતનું એક પણ બાળક અભણ ન રહે, એ જ મારા જીવનનું ધ્યેય છે."

ગુરુનો સંબંધ લજાવતા શિક્ષકો

સુરતઃ ભારતીય સંસ્કૃતિમાં ગુરુ અને શિષ્ય વચ્ચેનો આ પવિત્ર સંબંધ આજે પણ એટલો જ પ્રાસંગિક છે. પરંતુ ગુરુ-શિષ્યના સંબંધને લજવતી ઘટનાઓ બનતી રહે છે. જેને ગુરુ માનીને પોતાનાં સુખ દુઃખની વાતો કરીને ચરણ સ્પર્શ કરી ધન્ય અનુભવનાર શિષ્યની આસ્થાને ચોટ પહોંચાડતી ઘટનાઓ પણ સુરતનાં ઇતિહાસ આલેખાઈ છે.

પુણા પોલીસ સ્ટેશનઃ ૨૩ વર્ષની શિક્ષિકા તેના ૧૩ વર્ષના સગીર વિદ્યાર્થીને લઈને ફરાર થઈ ગઈ હતી. આ મામલે પુણા પોલીસ સ્ટેશન ખાતે ૨૬એપ્રિલ ૨૦૨૫ના રોજ અપહરણ અને પોક્સો હેઠળ એફ.આઈ. આર. નોંધવામાં આવી હતી અને પોલીસે ૩૦ એપ્રિલ ૨૦૨૫ ના રોજ બંનેને શોધી કાઢ્યા હતા.

લિંબાયત પોલીસ સ્ટેશનઃ લિંબાયતના કોચિ